જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૨/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૪૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૯ | ૦ | ૧૧૭૩૯ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૯ | ૦ | ૧૨૯ | ૪૦૩ | ૦ | ૪૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૨૨૮૯ | ૧૧૨ | ૮૨૪૦૧ | ૮૩૨૯૯ | ૧૦૭ | ૮૩૪૦૬ |
| કુલ | | ૯૮૮૯૦ | ૧૧૨ | ૯૯૦૦૨ | ૧૦૭૮૩૨ | ૧૦૭ | ૧૦૭૯૩૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૮ | ૫,૧૪,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬૯૩ | ૬,૯૩,૦૦૦/- |

# ઘરફોડ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનઃ

### અત્રેના ગાયકવાડ હવેલી પો.સ્ટે વિસ્તારમાં થયેલ ઘરફોડના આરોપીને મુદામાલ સાથે શોધી કાઢતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીઝન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર સા.શ્રી નાઓના માર્ગદર્શન હેઠળ અનડીટેક મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કોવોર્ડના પો.સબ.ઇન્સ એમ.એન.આદરેજીયા સા.શ્રી તથા સર્વેલન્સ સ્ટાફના માણસોએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા અને ફરતા ફરતા જમાલપુર ફાયર બ્રીગેડ ખાતે આવતા સાથેના અ.પો.કો દીપેશ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ તથા અ.પો.કોન્સ સુરેન્દ્રસિહ અમૃતસિહ બ.નં.૬૬૨૫ નાઓને સંયુકત રાહે મળેલ ખાનગી બાતમી હકિકત આધારે આરોપી નામે સમદખાન ઉર્ફે લાલા સ/ઓ અબ્દુલગનીખાન પઠાણ ઉ.વ.૩૧ ધંધો.ડ્રાયવીંગ રહે. બ્લોક નં-૧૨ પહેલા માળે શ્યામ પ્રસાદ મુખરજી નગર ચાર માળીયાના મકાન સદભાવના ચોકી સામે વટવા અમદાવાદ શહેર નાની પુછરપરછ કરી અંગજડતી તપાસ કરતા તેની પાસેથી મોબાઇલ નંગ-૦૨ માં જેમા નં-(૧) SAMASUNG GALAXY S21 જેની આશરે કિ.રૂ.૫૦,૦૦૦/- ની મતાની ગણી તથા નં-(૨) VIVO Y21 જેની આશરે કિ.રૂ.૮,૦૦૦/- ની મતાની ગણી જે બન્ને મોબાઇલની કુલ કિ.રૂ.૫૮,૦૦૦/- ની મતાનો મુદામાલ મળી આવેલ હોય અને સદરી મુદામાલ બાબતે તપાસ કરતા સદરી બાબતે અત્રેના પો.સ્ટે ખાતે ગુ.ર.નં-A/૧૧૧૯૧૦૨૧૨૨૦૨૦૩/૨૦૨૨ ઇ.પી.કો કલમ- ૪૫૭, ૩૮૦ મુજબ ગુન્હો દાખલ થયેલ હોય જેથી સદરી ગુન્હાના કામે આરોપી તથા મુદામાલ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



# પાસા અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ

### પ્રોહીબિશન સબંધી પાસા

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી આરોપી રવિ તીરૂભાઇ રાઠોડ (છારા) ઉ.વ.૩૭, રહે.- દિગ્વિજય સિમેન્ટ ફેક્ટરીની બાજુમાં, છારાનગર, કાળીગામ, સાબરમતી, અમદાવાદ શહેર નાનો પોલીસથી ચોરી છુપી વગરપાસ પરમીટે ફોર વ્હીલ ગાડી નં.GJ-01-HP-1982 કિ.રૂ.૭૦,૦૦૦/- માં દેશીદારૂ ૨૮૦ લીટર કિં.રૂ.૫૬૦૦/-તથા એક મોબાઇલ ફોન કિ.રૂ.૭,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૮૨,૬૦૦/ ના મુદ્દામાલ સાથે મળી આવતાં પકડી તેના વિરુધ્ધ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૦૮૨૨૦૧૧૩/૨૦૨૨ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(ઈ), ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ અને સદરી આરોપીની આવી પ્રવૃત્તિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંકઃપીસીબી/ડીટીએન/પાસા/ ૧૧૯/૨૦૨૨ તા.૦૫/૦૨/૨૦૨૨ થી સદરી આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતાં સદરી ને આરોપીને આજરોજ તા.૦૫/૦૨/૨૦૨૨ કલાક ૨૩/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

**કામગીરી કરનાર :-**

(૧) પો.સ.ઇ. શ્રી કે.એચ.ચૌધરી

(૧) અ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૨) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭

(૩) પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ બ.નં.૬૬૮૮



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૦ લીટર દેશી દારૂ, ૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૨૧ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૪૪/૨૦૨૨**

**વટવા જી.આઇ.ડી.સીઃ** મોહમંદતકી મોહમંદજકી જૈદી (ઉ.વ.૬૧)(રહે. સંધાવલી મુઝફરનગર ઉત્તરપ્રદેશ) એ તા.૦૫/૦૨/૨૦૨૨ ના રોજ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોહમંદતકી મોહમંદજકી જૈદી લોખંડ ભંગારનો ધંધો કરતા હોઈ મોબાઈલ નંબર ૭૩૮૩૫૪૫૯૬૩ ના ધારકે મોહમંદતકી જૈદીને ફોન કરી મુસ્તુફાભાઇ નામ જણાવી લોખંડનો ભંગાર વેચવા માટે વાત કરતા મોહમંદજકી જૈદીએ લોખંડનો ભંગાર ખરીદવાની વાત કરતા તા.૨૧/૦૧/૨૦૨૨ સાંજના ૫/૩૦ થી તા.૨૫/૦૧/૨૦૨૨ સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા જીઆઇડીસી ફેજ-૦૧ કૈલાશભાઈના ગોડાઉન પાસે લોખંડનો ભંગાર બતાવી આરોપી મુસ્તુફાભાઇએ લોખંડના ભંગાર પેટે મોહમંદતકી જૈદી પાસેથી તેઓના બેંકના ખાતામાં રૂપિયા ૧૬,૧૯,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી શેઠને પૈસા આપી આવુ તેમ કહી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી. સી.એમ.રાઠોડ ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૨૪૫/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** રોહીતભાઇ લાલજીભાઇ વાળતીયા (ઉ.વ.૧૮)(રહે.ભટારવાસ બાવળા ગામ તા.બાવળા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે શીલજ સર્કલ થી આગળ એસ.પી.રીંગ રોડની ડાબી બાજુ કેનાલ આગળ રોહીતભાઇ અને તેમના મિત્ર ઉભા હતા ત્યારે ત્રણ પુરૂષો રોહીતભાઈ વાળતીયા નજીક આવી રોહીતભાઇ તથા તેમના મિત્રને માર મારી રોહીતભાઇના પેન્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૬,૦૦૦/- અને તેમના મિત્રના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૨,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૪૬/૨૦૨૨**

**નારણપુરા**ઃ એશાબહેન વા/ઓ ભુમિનભાઇ પટેલ (ઉ.વ.૩૫)(રહે.જીવનદિપ સોસાયટી નવદિપ હોલની પાછળ નારણપુરા) તા.૦૩/૦૨/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નારણપુરા કેતન સોસાયટીના ગેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ એશાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તા.૦૫/૦૨/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૭/૨૦૨૨**

**વાસણા**ઃ સ્નેહલબહેન વા/ઓ નિસિથભાઇ વાઘેલા (ઉ.વ.૨૩)(રહે.ભાવના ટેનામેન્ટ વાસણા બેરેજ રોડ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે વાસણા બી.એસ.એન.એલ.ઓફીસથી ભાવના ટેનામેન્ટના ગેટ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષામાં બેસેલ બે સ્ત્રીઓએ સ્નેહલબહેનની નજર ચુકવી તેમની થેલીમાંથી પર્સની ચેઇન ખોલી સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૪૮/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટ**ઃ ચાંદલોડીયા ભાવિક સ્કૂલની બાજુમાં આવેલ શ્રીજી પાર્ક રો-હાઉસ ખાતે રહેતા અજયભાઇ રાઠોડની ચાર વર્ષની દિકરી જયશ્રી તા.૦૫/૦૨/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગે પોતાના ઘરે રમતા-રમતા ગરમ પાણી ભરેલ ડોલમાં પડી જતા શરીરે દાઝી જતા સારવાર અર્થે તેને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**અપમૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૪૯/૨૦૨૨**

**ગોમતીપુર**ઃ નરોડા પાવન સ્કાય નામની નવી બનતી સાઈટ હંસપુરા બસ સ્ટેન્ડ સામે નરોડા દહેગામ રોડ ખાતે રહેતા અને જી.ઈ.બી. રાધેક્રિષ્ણા રોયલ નામની નવી બનતી સાઈડ ખાતે કામ કરતા હાંજાલાલ ઉર્ફે હરીશ સ/ઓ ગટ્ટુ અહારી (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ-અલવર થાના-ધંબોલા પોસ્ટ-લીખી તા-સીમ્બલવાડા જીલ્લો-ડુંગપુર રજસ્થાન) તા.૦૪/૦૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે બીજા માળે બહારની દિવાલમાં પાલખ લગાવી પ્લાસ્ટરનુ કામ કરતા હતા ત્યારે પાલખનુ લાકડુ તુટી જતા નીચે પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને પ્રાઈમ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૫૦/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સીટી** : બકુલચંદ્ર મનુભાઈ શર્મા (ઉ.વ.૫૫)(રહે.પાર્થ એપાર્ટમેંટ અગ્રવાલ આર્કેડ પાછળ સેન્ટ્રલ મોલ સામે આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે સ્કાઈલાઈન પાસે સીડી નંબર-૪૭ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.પરમાર ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** નિશાંત કમલેશભાઈ દરજી (ઉ.વ.૨૮) (રહે. સેંધાભાઈ સોમાભાઈ પટેલનો વાડો જોધપુર ગામ સેટેલાઈટ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે સ્કાઈલાઈન પાસે સીડી નંબર-૪૭ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરદાન અજીતદાન ચલાવે છે.

**ગોમતીપુરઃ** વિશાલ ભરતભાઈ પટણી (રહે. વિવેકાનંદ મીલ ગરીબ આવાસ યોજના રખિયાલ રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એન.એચ.શેખ ચલાવે છે.

**નિકોલઃ** જીતેન્દ્રભાઇ પ્રકાશભાઇ બારેસા (ઉ.વ.૩૬) (રહે. આંબેડકર સફાઇ કામદાર ચાર માળિયા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૨/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**ઈસનપુરઃ** રાજીવભાઇ નીતીનકુમાર ઠક્કર (ઉ.વ.૪૨) (રહે. અંબિકાનગર સોસાયટી શિવ ટેનામેન્ટ પાર્ટ-૨ ઘોડાસર ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૨/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ઈસનપુર ગામ સિધ્ધી વિનાયક રેફ્રીજરેટરની દુકાન ખાતે ઝેરી પ્રવાહી પી લઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.હડીયલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.